ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY · GOVERNMENT OF GUJARAT

**અખબાર યાદી**

Date 6th October, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.........................................................................,

ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા **વિશ્વ અવકાશ સપ્તાહ** અંતર્ગત

## વિજ્ઞાન અને સંસ્કૃતિના સમન્વય સાથે શરદપૂનમનની ઉજવણી કરાઈ

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતતા લાવવા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી જેવા અનેક વિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

શરદ પૂનમ એટલે શિયાળાની ઋતુના આગમનનો અણસાર. ચંદ્ર કે જે પૃથ્વીનો કુદરતી ઉપગ્રહ છે તેની સાથેનો માનવજીવનના સંબધની ઉજવણી. આપણી સંસ્કૃતિમાં શરદપૂનમનું ખુબ જ આગવું મહત્વ છે. અવકાશ વિજ્ઞાન કે જે આજે આપણને મંગલ ગ્રહ પર પણ જીવવાની શક્યતા દર્શાવે છે આવા અવકાશ વિજ્ઞાન અને શરદ પૂનમનું વૈજ્ઞાનિક કારણ લોકો સમજે તેવા હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા દ્વાર કાર્યરત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ (BAC) તખ્તેશ્વરમંદિર ખાતે આકાશ દર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં તજજ્ઞશ્રી દ્વારા ચંદ્ર વિશે માહિતી આપવામાં આવી હતી અને લોકોએ ટેલીસ્કોપ દ્વારા ચંદ્ર અને તેની સપાટીને નજીક થી નિહાળી હતી. આ ઉપરાંત સૂર્યમંડળનો સૌથી સુંદર ગ્રહ અને કાસીની યાન જેના વિશે માહિતીનો ભંડાર લઈને આવ્યું છે તેવા શનિ ગ્રહની સુંદરતામ વધારો કરતા તેની આસપાસના વલયો લોકોએ ટેલીસ્કોપની મદદ થી નિહાળ્યા હતા. ઉપરાંત શનિ ગ્રહ વિશેની માહિતી મેળવી હતી.

ઉપરોક્ત કાર્યક્રમમાં કુલ મળીને ૨૦૦થી વધારે નાગરિકોએ વિજ્ઞાન અને સંસ્કૃતિના સમન્વય સાથે શરદપૂનમનની ઉજવણી કરી હતી.

(હર્ષદ જોષી) 6-10-17
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.